# ગેંગરેપની પિડીતાનો વહેલી પરોઢે અંતિમસંસ્કાર

નવી દિલ્હી,તા. ૩૦

દેશભરમાં ફેલાયેલા જન આક્રોશ અને માતમ વચ્ચે દિલ્હીમાં સામૂહિક બળાત્કારનો શિકાર થયેલી યુવતિના પાર્થિવ શરીરને ખાસ વિમાન મારફતે દિલ્હી લાવવામાં આવ્યા પછી તમામ ધાર્મિક વિધી તેના આવાસ પર કરવામાં આવ્યા બાદ કલાકોના ગાળામાં જ તેના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. સવારે ૭.૩૦ વાગ્યે તેના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા જો કે પોલીસ આનાથી પણ પહેલા અંતિમસંસ્કાર કરવાની ઈચ્છા ધરાવતી હતી. રવિવારે વહેલી પરોઢે તેના મૃતદેહને લાવવામાં આવ્યો હતો અને તમામ બાબત ગુપ્ત રાખવામાં આવી હતી. એર ઈન્ડિયાના ખાસ વિમાન દ્વારા પાર્થિવ શરીરને વહેલી પરોઢે ત્રણ વાગે ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનીમથકે લાવવામાં આવ્યો હતો.વિમાનને વિમાનીમથકના ટેકનિકલ ક્ષેત્રમાં લઈ જવામાં આવ્યું હતું. જ્યાં વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી ખાસ હાજર રહ્યા હતા. સોનિયા ગાંધી અને સિંહે પરિવારના સભ્યોને સાત્વના આપી હતી. યુવતિના પાર્થિવ શરીરને ત્યારબાદ મહાવીર એન્કલાવ સ્થિત તેના આવાસ પર લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તમામ ધાર્મિક વિધી કરવામાં આવી હતી. ત્યારબાદ દ્વારકા સેકટર -૨૪ સ્થિત સ્મશાનગૃહમાં તેના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. ઘરની આસપાસથી લઈને સ્મશાન ગૃહ સુધી દિલ્હી પોલીસ અને રેપિડ એક્સન ફોર્સના જવાન તૈનાત કરવામાં આવ્યા હતા. ધુમ્સસની સ્થિતી વચ્ચે યુવતિના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા.

પત્રકારોને સ્મશાનગૃહમાં પ્રવેશ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. ગૃહ રાજ્ય પ્રદાન આરપીએન સિંહ, પશ્ચિમ દિલ્હીના સાંસદ મહાબલ મિશ્રા, ભાજપ પ્રમુખ વિજેન્દ્ર ગુપ્તા પણ અંતિમસંસ્કાર વેળા હાજર રહ્યા હતા. યુવતિના ગુપ્ત રીતે અંતિમસંસ્કાર કરી દેવામાં આવતા લોકોમાં નારાજગી વધી ગઈ હતી. સોશિયલ નેટવર્કિંગ સાઈટ પર લોકોની નારાજગી વધી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સામૂહિક બળાત્કારનો શિકાર થયેલી યુવતિનું શનિવારે સવા બે વાગે સિંગાપોરની હોસ્પિટલમાં મોત થયું હતું. પહેલા દિલ્હીમાં અને ત્યારબાદ દિલ્હીના સફદરજંગ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે તેને સિંગાપોર લઈ જવામાં આવી હતી. વહેલી પરોઢે ૩.૩૦ વાગ્ય ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે એર ઈન્ડિયાનું ખાસ વિમાન પહોંચ્યુ હતુ. ભોગ બનેલી યુવતી ફિઝિયોઝેરાપીની વિદ્યાર્થિની હતી. આ એર ઈન્ડિયાના ખાસ વિમાન એઆઈસી-૩૮૦-એ વિમાને સિંગાપોરથી વહેલી પરોઢે ૧૨.૩૦ વાગ્ય ઉડાણ ભરી હતી અને આ વિમાન ૩.૩૦ વાગ્ય પહોંચ્યુ હતુ. ઈન્ડિયન હાઈ કમિશનના અધિકારીઓએ આ મુજબની માહિતી આપી હતી. આ ચાટર્ડ વિમાન ભારત સરકાર દ્વારા મોકલવામાં આવ્યુ હતુ. વિમાનમાં તેના પરિવારના સભ્યો પણ હતા જે પહેલાથી જ સિંગાપોરમાં હતા. પોલીસે અપરાધીઓ પર હવે હત્યાના આરોપો પણ મુકી દીધા છે. તમામ સામે ચાર્જશીટ ત્રીજી જાન્યુઆરીના દિવસે રજુ કરવામાં આવનાર છે. તપાસકારોનું કહેવું છે કે તેઓ અપરાધીઓ માટે સૌથી કઠોર સજાની માંગ કરશે. સવારે ૭.૩૦ વાગ્યે યુવતીના પિતાએ અગ્નિદાહ આપ્યો હતો. અંતિમસંસ્કાર વેળે તેના ભાઈ, સગાસંબંધીઓ ઉપસ્થિત રહ્યા હતા. અગાઉ પોલીસે દ્વારકામાં સ્મશાનગૃહ ચલાવનાર ન્યૂ ઈન્ડિયન એજ્યુકેશન એન્ડ કલ્ચર સોસાયટીના અધિકારીઓનો પોલીસે સંપર્ક કર્યો હતો અને અંતિમસંસ્કારની વ્યવસ્થા કરવા કહ્યુ હતુ. આના માટે વ્યવસ્થા પણ કરી લેવામાં આવી હતી. વિજેન્દ્ર શર્માએ અંતિમવિધિ કરી હતી. હિન્દુ પરંપરા મુજબ સૂર્યોદય થતા પહેલા અંતિમસંસ્કાર કરાતા નથી જેથી ૭.૩૦ વાગ્ય સુધી રાહ જોવી પડી હતી.



## રેપના આરોપીઓને વધારે સલામત સેલમાં ખસેડાયા

નવી દિલ્હી,તા. ૩૦

**દિલ્હી ગેંગ રેપના આરોપીઓને સાવચેતીના પગલારૂપે વધારે સુરક્ષા ધરાવતા સેલમાં ખસેડવામાં આવ્યા છે. છ શખ્સો પૈકી પાંચને તિહાર જેલમાં ખાસ સેલમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. ચાલતી બસમાં ૨૩ વર્ષીય વિદ્યાર્થીની પર સામૂહિક બળાત્કાર થયા બાદ તેનું મોત થયું હતું. તમામ છ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. અગાઉ આ કેસના મુખ્ય આરોપી રામસિંહને તિહાર જેલમાં કેદીઓએ માર માર્યો હતો. સાથી કેદીઓ દ્વારા તેમના પર હુમલાને ટાળવાના હેતુથી તેમને મજબુત સુરક્ષા વ્યવસ્થા ધરાવતી જેલમાં ખસેડવામાં આવ્યા છે. ખાસ લોકો વાળા સેલમાં તેમને રાખવામાં આવ્યા છે. નાના બાળકે જ્વેનાઇલમાં લઇ જવામાં આવ્યો છે. આરોપી સામે લોકોના આક્રોશને જોતા ખતરો વધી ગયો છે. પોલીસ પણ સાવધાન થઇ ગઇ છે. કેદીઓ હુમલો કરી શકે છે.**

## બળાત્કારીઓને ખુબજ કઠોર સજા કરવા ભલામણ

નવી દિલ્હી,તા. ૩૦

દિલ્હી ગેંગ રેપ જેવી શરમજનક ઘટના બાદ દેશમાં મહિલાઓની સામે વધતા અપરાધને રોકવાના હેતુસર કોંગ્રેસે એક ખુબજ કઠોર ડ્રાફ્ટ બિલની તૈયારી કરી લીધી છે. એક અગ્રણી અંગ્રેજી અખબારના જણાવ્યા મુજબ બળાત્કારીઓને ખુબજ કઠોર સજા અપાવવાના હેતુસર કોંગ્રેસે આ મુસદ્દા બિલ જસ્ટીસ વર્મા કમિટીને સૂચનોના સ્વરૂપમાં રજુ કરશે. જેના હેઠળ બળાત્કારના દોષિતોને ૩૦ વર્ષ સુધી જેલની સજાની ભલામણ કરવામાં આવશે. આ ઉપરાંત આ ડ્રાફ્ટ બિલમાં બળાત્કારીઓને કેમિકલી રીતે નપુંસક બનાવી દેવા અને ૯૦ દિવસની સમયમર્યાદાની સાથે ફાર્સ્ટટ્રેક કોર્ટની રચના કરવાની ભલામણ પણ કરવામાં આવી છે. આ મુસદ્દા બિલ આશરે તૈયાર થઈ ગયુ છે. આને યુપીએ અધ્યક્ષ સોનિયા ગાંધીને પણ દર્શાવવામાં આવી ચુકયુ છે. સોનિયા ગાંધીએ મહિલાઓની સામે વધતા જતા ક્રાઈમને ધ્યાનમાં લઈને પાર્ટીને વધુ કઠોર કાયદા બનાવવા ભલામણ કરી છે. સરકારે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ જે એસ વર્માના નેતૃત્વમાં ત્રણ સભ્યોની કમિટીની રચના કરી છે જે તમામ પાસાઓ પર અભ્યાસ કર્યા બાદ મહિલાઓની સામે ગુનાની સ્થિતિમાં જરૂરી સુચન કરશે. વર્મા કમિટી દોષિતોને કઠોર સજા અને ભોગ બનેલીને તરત ન્યાય અપાવવાને લઈને ૩૦ દિવસની ડેડ લાઈનમાં કામ કરી રહી છે. આ સંબંધમાં કમિટીએ પાંચમી જાન્યુઆરી સુધી દેશભરના લોકો પાસેથી સૂચનો માંગાવવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ જસ્ટીસ વર્મા કમિટીના સૂચન બાદ કોંગ્રેસ ખાસ સત્ર બોલાવવાના બદલે સરકાર ઉપર નોટિફિકેશન જારી કરી દબાણ લાવવા પ્રયાસ કરશે.

## ગેંગ રેપ કેસ લેવા અનેક વકિલોએ કરેલો ઇન્કાર


નવી દિલ્હી,તા. ૩૦

**પાટનગર દિલ્હીમાં ૨૩ વર્ષની પેરા મેડિકલની વિદ્યાર્થિની સાથે ગેંગ રેપ અને હત્યાના આરોપીઓનો કેસ લડવા માટે મોટાભાગના વકિલોએ ઇન્કાર કરી દીધો છે. બીજીબાજુ બે મહિલા જજે કેસને ઝડપથી આગળ વધારવા માટે કેટલીક મહત્વપૂર્ણ ભલામણો પણ કરી છે. સૂપ્રીમ કોર્ટના જજ જ્ઞાનસુદા મિશ્રાએ સૂચન કર્યું છે કે જુદા જુદા સ્તરે નિવેદન નોંધવાની પ્રક્રિયાથી બચવા સુનાવણીની સમગ્ર પ્રક્રિયાને ઓછી કરવા માટે કાયદામાં સુધારા કરવામાં આવી શકે છે. બીજીબાજુ દિલ્હી હાઈકોર્ટના પૂર્વ ન્યાયધીશ ઉષા મહેરાએ કહ્યુ છે કે નીચલી કોર્ટના જજને આરોપીઓની સુનાવણી શરૂ થતા જ વકિલોની સેવાની વાત પણ કરી છે. મિશ્રાએ કહ્યુ છે કે મહિલાઓની સામે આવા અપરાધના મામલાઓને આરોપી અને ભોગ બનેલી યુવતીના નિવેદનના આધાર પર ચલાવવું જોઈએ.**

## જંતર મંતર પર પોલીસ સાથે દેખાવકારોની ઝપાઝપી થઈ

નવી દિલ્હી,તા. ૩૦

સામૂહિક બળાત્કારનો શિકાર થયેલી યુવતીના અંતિમસંસ્કાર થયા બાદ પણ આક્રોશનું મોજુ યથાવતરીતે જારી રહ્યુ છે. મોટી સંખ્યામાં લોકો આજે જંતરમંતર પર પહોંચ્યા હતા. ભાજપની વિદ્યાર્થી પાંખ સાથે સંકળાયેલા લોકો પણ દેખાવના ભાગરૂપે પહોંચ્યા હતા. બળાત્કારનો શિકાર થયેલી યુવતીના દોષિતોને ઝડપથી સજા કરવાની માંગણીને લઈને દેખાવો કરવામાં આવી રહ્યા હતા ત્યારે જંતરમંતર પર પોલીસ સાથે ઝપાઝપી પણ થઈ હતી. શાંતિપૂર્ણ દેખાવ એકાએક હિંસામાં ફેરવાઈ ગયા હતા. બપોરે એક વાગ્યાની આસપાસ દેખાવકારોની એક ટૂકડી ધ્વજ લઈને અને બેનરો લઈને આગળ વધી રહી હતી. આ લોકો જંતરમંતરથી કોનોટ પેલેસ તરફ કૂચ કરવા પ્રયાસ કરી રહ્યા હતા પરંતુ પોલીસે આગળ વધતા તેમને રોક્યા હતા જેથી અથડામણ શરૂ થઈ ગઈ હતી. એક ગ્રુપે શાંતિપૂર્ણ દેખાવ સાથે આગળ વધીને અન્ય ગ્રુપને પ્રોત્સાહન આપ્યુ હતુ. બીજા ગ્રુપે બેરિકેડ તોડીને આગળ વધવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પોલીસે તેમને રોક્યા હતા. દેખાવકારો બેરિકેડ તોડવામાં સફળ રહ્યા હતા પરંતુ પોલીસે તેમને કાબૂમાં લઈ લીધા હતા. દરમિયાન પોલીસે ભાડૂતી તત્વોને ઓળખી કાઢવાની કવાયત હાથ ધરી છે. જંતરમંતર ખાતે આજે સવારે મોટી સંખ્યામાં પુરુષો અને મહિલા તથા યુવા લોકો એકત્રિત થયા હતા. જંતરમંતર પર એકત્રિત થયેલા લોકો આક્રમક મૂડમાં દેખાઈ રહ્યા હતા. જંતરમંતર પર દેખાવકારો એક દિવસની ભૂખ હડતાળ પર બેસી ગયા હતા. જ્યારે અન્ય લોકોએ હાથમાં પ્લે કાર્ડ લઈને સૂત્રોચ્ચાર કર્યા હતા. ઈન્ડિયા ગેટ, રાયસીમા હિલ લોકો માટે આજે બંધ રાખવામાં આવ્યા હતા. રાજપથ, વિજયચોક અને ઈન્ડિયાગેટ તરફ દોરી જતા તમામ માર્ગો સામાન્ય ટ્રાફિક માટે બંધ રાખવામાં આવ્યા હતા. તમામ પ્રવાસીઓને માર્ગોને ટાળવાની સલાહ આપવામાં આવી હતી.



## દિલ્હીમાં ચાલતી બસમાં કિશોરી સાથે છેડતી : કન્ડક્ટરની ધરપકડ


નવી દિલ્હી,તા. ૩૦

**દિલ્હીમાં ગેંગ રેપની ઘટનાને લઈને નારાજગીનું મોજુ ફેલાયેલું છે ત્યારે પાટનગર દિલ્હીમાં ગઈકાલે મોડી રાત્રે એક બસમાં કંડક્ટરે કિશોરી સાથે છેડછાડ કરી હોવાની ઘટના સપાટી પર આવી છે. ચાલતી બસમાં છેડતીના આ બનાવથી સનસનાટી મચી ગઈ છે. આ બનાવ મધ્ય દિલ્હીના મંડી હાઉસમાં રાત્રે આશરે ૧૧ વાગ્યે બની હોવાનું જાણવા મળ્યુ છે. કિશોરીની વય ૧૬ વર્ષની હોવાનું પોલીસે કહ્યુ છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે આ કિશોરી કલસ્ટર ઓરેન્જ બસમાં બેસી ગઈ હતી. જ્યારે આ બસ રાત્ર ૧૧ વાગ્યની આસપાસ મંડી હાઉસની નજીક પહોંચી ત્યારે એક બીજી બસના કન્ડક્ટરે તેની સાથે છેડતી કરી હતી જે આ જ બસમાં સવાર હતો. પોલીસે કહ્યુ છે કે યુવતી પોતાના પરિવારથી નારાજ થઈને નીકળી હોવાનું જાણવા મળ્યુ છે. વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે કહ્યુ છે કે આ કિશોરી રાતના ૯.૩૦ વાગ્યે ઘરેથી નીકળી હતી અને બસ આશરે ૧૧ વાગ્ય મંડી હાઉસ પહોંચી હતી. યુવતીની સામે અપહરણનો વધુ એક કેસ પણ ચાલી રહ્યો છે. બસ ખ્યાલાથી લાજપથ નગર દોડે છે. મંડી હાઉસ નજીક ફરજ બજાવી રહેલા કોન્ટેબલે રણજીતસિંહને પકડી પાડ્યો છે. રણજીત એ વખતે ફરજ પર હાજર ન હતો તેની સામે આઈપીસીની કલમ ૩૫૪ અને ૫૦૯ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. દિલ્હીમાં દિનપ્રતિદિન ગુનાઓ સતત વધી રહ્યા છે. ગેંગરેપનો શિકાર યુવતીને લઈને દેશભરમાં ભારે નારાજગી દેખાઈ રહી છે ત્યારે આ બનાવ પણ ભારે ચર્ચા જગાવે તે પ્રકારનો છે જો કે સદનસીબે કોઈ મોટો બનાવ બન્યો ન હતો.**

## દિલ્હીમાં ૧૦ મેટ્રો પૈકી પાંચ સ્ટેશનો ફરીથી ખોલી દેવાયા

નવી દિલ્હી,તા. ૩૦

દિલ્હી ગેંગ રેપને લઈને યુવતીના મોત બાદ આજે પણ દેખાવો યથાવતરીતે જારી રહ્યા હતા અને દેશના ઘણા ભાગોમાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. અપરાધીઓને કઠોર સજા કરવાની માંગણી યથાવત જારી રહી હતી. બીજી બાજુ અચોક્કસ મુદત માટે બંધ કરવામાં આવેલા ૧૦ મેટ્રો સ્ટેશન પૈકીના પાંચ સ્ટેશનને આજે બપોરે ફરીવાર ખોલી દેવામાં આવ્યા હતા. જે મેટ્રો સ્ટેશનને ખુલ્લા મૂકી દેવામાં આવ્યા છે તેમાં રાજીવચોક, પ્રગતિ મેદાન, મંડી હાઉસ, પટેલ ચોક, બારાખમ્ભા સ્ટેશનનો સમાવેશ થાય છે. જો કે કેન્દ્રિય સચિવાલય, ઉદ્યોગભવન, રેસકોર્સ, ખાન માર્કેટ, જોરબાગ સ્ટેશનોને હજુ પણ બંધ રાખવામાં આવ્યા છે. રાજીવચોક અને કેન્દ્રિય સચિવાલય સ્ટેશન ખાતે ઈન્ટરચેન્જ ફેસેલિટી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. બીજી બાજુ રાષ્ટ્રીય પાટનગરમાં ઈન્ડિયા ગેટ અને આસપાસના વિસ્તારોને આજે પણ બંધ રાખવામાં આવ્યા હતા. દિલ્હી પોલીસે દેખાવના સ્થળ સુધી પહોંચવાથી લોકોને દૂર રાખવાના હેતુસર ગયા સપ્તાહમાં મેટ્રો સ્ટેશનોને બંધ કરી દીધા હતા. દિલ્હી પોલીસ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સમગ્ર ઈન્ડિયાગેટ વિસ્તારને હજુ પણ બંધ રાખીને કલમ ૧૪૪ ઘણા વિસ્તારમાં અમલી બનાવવામાં આવી છે. ફેસબુકના પેજ ઉપર દિલ્હી ટ્રાફિક પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે તંગદિલી ન ફેલાય તે માટે આ તમામ પગલા જરૂરી બની ગયા છે. હાલમાં જ હિંસક અથડામણ થઈ હતી જેમાં કોન્સ્ટેબલ સુભાષ તોમરનું ગયા રવિવારે મોત થયુ હતુ. આજે વહેલી સવારે સિંગાપોરથી ભોગ બનેલી ૨૩ વર્ષિય યુવતીનો મૃતદેહ લાવવામાં આવ્યા બાદ કલાકોના ગાળામાં જ તેના અંતિમસંસ્કાર કરી દેવામાં આવતા લોકોમાં રોષ વધી ગયો હતો. દિલ્હી ઉપરાંત અન્ય ભાગોમાં પણ સરકારના આ પ્રકારના વલણને લઈને નારાજગી દેખાઈ હતી. જુદા જુદા કાર્યક્રમો પણ યોજાયા હતા. દેશના અન્ય મોટા શહેરોમાં પણ નવા વર્ષની પાર્ટીઓ અને અન્ય કાર્યક્રમોમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે નવા પગલા લેવામાં આવ્યા છે.



## હિમાલય ક્ષેત્રમાં શક્તિશાળી ભૂકંપ આવવા ચેતવણી જારી

નવી દિલ્હી,તા. ૩૦

હિમાલય ક્ષેત્રની શક્તિશાળી ભૂકંપની ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ વૈજ્ઞાનિકોમાં પણ અભ્યાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. વૈજ્ઞાનિકોએ એવા વિસ્તાર માટે ચેતવણી જારી કરી છે જ્યાં હજુ સુધી ભૂકંપના શક્તિશાળી આંચકા આવ્યા નથી.

નાનયાંગ ટેકનોલોજીકલ યુનિવર્સિટીના નેતૃત્વમાં એક વૈજ્ઞાનિકોની ટૂકડીએ શોધી કાઢ્યુ છે કે મધ્ય હિમાલય ક્ષેત્રમાં રિક્ટર સ્કેલ ઉપર ૮.૫ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આપવવાનો ખતરો તોળાઈ રહ્યો છે. સંશોધકોએ નિવેદન જારી કરીને કહ્યુ છે કે સતત સપાટી તૂટવા સંબંધી શોધના લીધે હિમાલયના પહાડી વિસ્તારો સાથે સંકળાયેલા વિસ્તારો પર માઠી અસર થઈ છે. મુખ્ય વૈજ્ઞાનિક પોલ ટેમ્પોનિયરે કહ્યુ છે કે ભૂતકાળના આ પ્રકારના ખતરનાક ભૂકંપોના આસ્તિત્વનો મતલબ એ થયો છે કે આટલી જ તીવ્રતાના ભૂકંપના આંચકા ભવિષ્યમાં આવી શકે છે. ખાસ કરીને એવા વિસ્તારોમાં જેની સપાટી ભૂકંપના આંચકાના કારણે હજુ સુધી તૂટી નથી તેવા વિસ્તારમાં શક્યતા વધારે રહેલી છે. અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે વર્ષ ૧૨૫૫ અને ૧૯૩૪માં આવેલા ભૂકંપના બે શક્તિશાળી આંચકાઓના કારણે હિમાલય ક્ષેત્રમાં પૃથ્વીની સપાટી તૂટી ગઈ હતી. વૈજ્ઞાનિકો દ્વારા અગાઉના અભ્યાસ કરતા જુદી પ્રતિક્રિયા આપવામાં આવી છે. હિમાલય ક્ષેત્રમાં શક્તિશાળી ભૂકંપ આવવાની બાબત કોઈ નવી નથી. ૧૮૯૭, ૧૯૦૫, ૧૯૩૪, ૧૯૫૦માં પણ ૭.૮ અન ૮.૯ની તીવ્રતાના પ્રચંડ આંચકા આવી ચુક્યા છે.

આ ભૂકંપના કારણે વ્યાપક નુકસાન પણ થયુ હતુ. હકીકતમાં વૈજ્ઞાનિકોનું કહેવું છે કે ઉચ્ચસ્તરે નવા ફોટાઓ અને અન્ય ટેકનોલોજીકલ મદદથી જાણવા મળ્યુ છે કે ૧૯૩૪માં આવેલા ભૂકંપના કારણે સપાટીને નુકસાન થયુ હતુ. ૧૫૦થી વધુ કિલોમીટર લાંબા મેદાની ભાગમાં તીરાડો પડી ગઈ હતી. વૈજ્ઞાનિકો માને છે કે આ ક્ષેત્રમાં આગામી વખત ભૂકંપના પ્રચંડ આંચકા આવવામાં સમય લાગી શકે છે.

## કેપ્ટન ધોનીની વધુ એક સિદ્ધિ : ૭૦૦૦ રન પૂરા

ચેન્નઈ,તા. ૩૦

ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ આજે પાકિસ્તાન સામે પ્રથમ વનડે મેચ રમતી વેળા વનડે ક્રિકેટમાં તેના ૭૦૦૦ રન પૂરા કરી લીધા હતા. ધોનીએ આજે અણનમ ૧૧૩ રન ફટકાર્યા હતા અને વનડે કેરિયરની આઠમી સદી ફટકારી હતી. આની સાથે જ ધોની હવે ૨૧૨ મેચમાં ૧૮૯ ઈનિંગ્સમાં ૭૦૨૧ રન બનાવી ચુક્યો છે. વનડે ક્રિકેટમાં ભારત તરફથી ૭૦૦૦થી વધુ રન બનાવનાર તે સાતમો ખેલાડી બની ગયો છે. તાજેતરમાં જ વનડે ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચુકેલા માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકરે ૧૮૪૨૬ રન બનાવ્યા છે અને વનડે ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડીનો રેકોર્ડ તેના નામ પર છે. ભારત તરફથી અન્ય જે ખેલાડીઓ ૭૦૦૦થી વધુ રન બનાવી ચુક્યા છે તેમાં સચિન ઉપરાંત સૌરવ ગાંગુલી, રાહુલ દ્રવિડ, અઝહરુદીન, વિરેન્દ્ર સહેવાગ, યુવરાજસિંહનો સમાવેશ થાય છે.

## વર્ષ ૨૦૧૩માં સોનાની કિંમત સ્થિર રહેવાની સંભાવના

મુંબઈ, તા.૩૦

વર્ષ ૨૦૧૩માં સોનાની કિંમત સ્થિર રહેવાની સંભાવના દેખાઈ રહી છે અને સોનાની કિંમત ૩૩૦૦૦ની સપાટી સુધી પહોંચી શકે છે. આર્થિક નિષ્ણાંતો માને છે કે ચોક્કસ આંતરરાષ્ટ્રીય પરિબળો સોનાની કિંમતને નવી ઉંચી સપાટી પર લઈ જવા માટે જવાબદાર દેખાઈ રહ્યા છે. લાંબા ગાળે સોનાની કિમત મજબુત થશે. કારણ કે મોટાભાગની સેન્ટ્રલ બેંક હજારોમાં વધુ લિક્વિડીટી ઠાલવવાના પ્રયાસમાં છે જેથી સોનાની કિંમતમાં વધારો થશે. કોટક કોમોડિટી સર્વિસના નિષ્ણાંત માધવી મહેતાએ આ મુજબની વાત કરી છે. બ્રાઝિલ અને રશિયાની સેન્ટ્રલ બેંક આગામી વર્ષે સોનાની હોલ્ડીંગને વધારવાની યોજના ધરાવે છે. ૨૦૧૩માં સ્થાનિક માર્કેટમાં સોનાની કિંમત ૨૮૦૦૦થી ૩૩૦૦૦ની સપાટી પર રહી શકે છે. વૈશ્વિકરીતે સોનાની કિંમત ઔંશ દિઠ ૧૫૫૦-૧૮૫૦ની સપાટી પર રહી શકે છે. સ્થાનિક માર્કેટમાં છેલ્લા સપ્તાહમાં સોનાની કિંમત પ્રતિ ૧૦ ગ્રામ ૩૦૬૦૦ની સપાટી પર રહી હતી જ્યારે વૈશ્વિક બજારોમાં સોનાની કિમત ઔંશ દીઠ ૧૬૫૮ની સપાટીએ રહી હતી. સોનાની કિંમત સ્થાનિક માર્કેટમાં લાંબા ગાળે ૩૩૦૦૦-૩૪૦૦૦ની સપાટી સુધી પહોંચી શકે છે. ટૂંકા ગાળામાં સોનાની કિંમત ૨૮૫૦૦ અને ૩૧૫૦૦ વચ્ચે રહી શકે છે. એન્જલ બ્રોકિંગ એસોસિએટના ડિરેક્ટર નવીન માથુરનું કહેવું છે કે ટૂંકા ગાળામાં સોનાની કિંમત ૩૦૫૦૦થી ૩૧૦૦૦ વચ્ચે રહી શકે છે કારણ કે અમેરિકી ડોલર સામે રૂપિયો હાલ સુધારાની સ્થિતિમાં છે. જો કે સોનાની કિંમત નવા વર્ષમાં કેટલી સપાટીએ પહોંચશે તે અંગે ચોક્કસપણે વાત કરવાની સ્થિતિમાં કોઈ પણ નિષ્ણાંત નથી. સોનાની કિંમતમાં ઉંચી સપાટી રહી હોવા છતાં તેની ખરીદીમાં કોઈ પણ ઘટાડો થઈ રહ્યો નથી. ભારતમાં સોનાની માંગ હમેશા ઉંચી રહે છે આના માટે પરંપરાગતરીતે લગ્નની સિઝન પણ કારણરૂપ છે.

## વૈષ્ણોદેવીમાં હેલિકોપ્ટરનું તાકીદે ઉતરણ : સાત ઘાયલ

જમ્મુ,તા. ૩૦

વૈષ્ણોદેવીના શ્રદ્ધાળુઓને લઈને જતુ પવનહંસ હેલિકોપ્ટરે ખામી સર્જાયા બાદ તાકીદે ઉતરણ કર્યુ હતુ જેના કારણે પાઈલોટ સહિત સાત લોકોને ઈજા થઈ હોવાનું જાણવા મળ્યુ છે. જમ્મુ કાશ્મીરના રેસી જિલ્લામાં ત્રિકુટા પહાડીમાં આ હેલિકોપ્ટરે તાકિદે ઉતરાણ કર્યુ હતુ. ઉડાણ ભર્યા બાદ તરત જ ટેકનિકલ ખામી સર્જાયા બાદ હેલિકોપ્ટરને ઉતારી દેવાની ફરજ પડી હતી. પવનહંસના હેલિકોપ્ટરમાં છ શ્રદ્ધાળુઓ હતા અને આ શ્રદ્ધાળુઓ સંજીતછટ આધારિત હેલિપેડથી પરત ફરી રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. હેલિકોપ્ટરને સલાલ-ડબરીમાં ઉતરણ કરવાની ફરજ પડી હતી. ઉધમપુર રેસી રેન્જના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (ડીઆઈજી) જગજિતકુમારે કહ્યુ છે કે ઈમરજન્સી ઉતરણ દરમિયાન હેલિકોપ્ટરને યોગ્ય જગ્યા મળી ન હતી જેના લીધે સાત લોકો ઘાયલ થયા હતા જેમાં છ શ્રદ્ધાળુઓ પણ સામેલ છે.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

તેમાં જોગેશચંદ્ર ચેટર્જી, દલપતરાવ, ભુપેન્દ્રનાથ સન્યાલ, મુકુંદીલાલ ગુપ્તા, વિનય ભૂષણ ડે, વિષ્ણુ શરણ દુબલિશ, શંભુનાથ આઝાદ, હરિપદ ભટ્ટાચાર્ય, કમલનાથ તિવારી, ડૉ. ગયાપ્રસાદ, જયદેવ કપૂર, વિનયકુમાર સિન્હા, ગોવિંદ ચરણકર, અમરસિંહ અમર, નિધાનસિંહ ચુગ્ધા, ભાનસિંહ, અને ફિલ્ડ માર્શલ લદ્દારામ ઉપરાંત સચીન્દ્રનાથ સાન્યાલ, મૌલવી અહમદુલ્લા, ઉલ્લાસકર દત્ત, ઉપેન્દ્રનથ બંદોપાધ્યાય, પુલિન બિહારી દાસ, હેમચંદ્રદાસ કામુંગો, રામરહમા, વારીન્દ્રકુમાર ઘોષ, ઉદ્યમસિંહ કૈસલ અને બાબા જવાલાસિંહ જેવા અનેક ક્રાંતિવીરો હતા.

'કાલાપાની' પુસ્તક સ્વામીજીએ આંદામાનની સેલ્યુલર જેલમાં રહીને જેમણે પોતાના જુવાની અને જીવન રાષ્ટ્ર માટે હોમી દીધાં તે બધા સાચા રાષ્ટ્રભક્તોને - ક્રાંતિવીરોને અર્પણ કર્યુ છે.

'કાલાપાની' પુસ્તકના લેખક સ્વામી સચ્ચિદાનંદજીનાં પુસ્તકો ગુજરાતી ઉપરાંત હિન્દી અને અંગ્રેજી ભાષામાં પણ પ્રગટ થયેલાં છે. તેમનાં ૧૭૦૦ જેટલાં પ્રવચનો અને પુસ્તકો વગેરે ઘેર બેઠાં સાંભળવા વાંચવા વેબસાઈટ પર ઉપલબ્ધ છે. વેબસાઈટ ફ્રી છે અને ડાઉનલોડ કરી શકાય છે. તેમની વેબસાઈટ છે. www.sachchidanandji.org. સચ્ચિદાનંદજીના સેવા આશ્રમો ભક્તિનિકેતન આશ્રમ દંતાલી, તા.પેટલાદ, સાધનાશ્રમ, કોબા, જિ. ગાંધીનગર, સ્વામી સચ્ચિદાનંદ મિશન, સૂરત, અને વૃધ્ધાશ્રમ, ઊંઝા, જિ. મહેસાણા ખાતે આવેલ છે.

સ્વામીજીએ ગુજરાતમાં કોઈ મહત્ત્વના સ્થળે આ ક્રાંતિવીરોનો પ્રેરણાદાયી પાર્ક બને જેને જોઈને બાળકો અને નવી પેઢી પ્રેરણા લે તેવી ઈચ્છા પુસ્તકમાં વ્યક્ત કરી છે. ગુર્જર દ્વારા આવું મહત્ત્વપૂર્ણ પુસ્તક પ્રગટ થયું છે તે ધન્યવાદને પાત્ર છે.

**કાલાપાની**

**લેખક : સ્વામી સચ્ચિદાનંદ**

**પ્રકાશક : ગૂર્જર સાહિત્ય ભવન, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧**

**પૃષ્ઠ ૧૪ + ૯૮, કિંમત : રૂા. ૫૦/-**

**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨**